**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૯ ટકા

# મહિલાઓ સોળે શણગાર સજી કડવાચોથ ઉજવશે

## વ્રત કરનાર સુહાગનો આજે સોય-દોરાનો ઉપયોગ નહીં કરે તથા કાળા વસ્ત્રોનો ત્યાગ કરશે

### પૂજા થાળી

સુહાગનો દ્વારા મહેંદી સાથે સોળ શણગાર સજીને ભેગા મળી કડવાચોથની પૂજા કરવામાં આવે છે. પૂજાની થાળીમાં ઘીનો દીવો, ફળાહાર, બટવામાં ડ્રાયફ્રુટ રખાય છે જે બટવો સાંજે સાસુને પરત અપાય છે સાથે કાચી લસ્સીનો ખાસ સમાવેશ પૂજાની થાળીમાં કરવામાં આવે છે. પૂજા કરતી વખતે સ્ત્રીઓ પૂજાની થાળીને એકબીજાના હાથો હાથથી ફેરવે છે તે દરમિયાન શ્લોકનું આચરણ થાય છે ત્યારબાદ કડવાચોથની પૌરાણિક વાર્તા વંચાય છે. રાત્રે ચાંદ દેખાય ત્યારે સ્ત્રીઓ ચાંદની પૂજા કરે છે જેમાં કંકુ, ચોખા, ઘીનો દીવો અનેકાચી લસ્સીનો અર્ગ ચંદ્ર સામે ચઢાવી પૂજા કરાય છે ત્યારબાદ ચારણીમાં ચાંદ જોઈ પતિના મુખને સામે રાખી પતિ દ્વારા પત્નિને કાચી લસ્સી પીવડાવાય છે ત્યારબાદ પાણી પી સ્ત્રી વ્રત છોડે છે અને ઉત્તરભારતની રસમ મુજબ ફેનીયા અને દાલમખની આરોગે છે.



### કડવાચોથ

કડવાચોથના વ્રતની શરૂઆતમાં ચોથના દિવસે સવારે ઘરની વ્રત કરતી વહુને સાસુ દ્વારા સારગી આપવામાં આવે છે ત્યારબાદ ફેનીયા આરોગાય છે. ફેનીયા આરોગ્યા બાદ આખો દિવસ સુહાગન સ્ત્રી પાણી અને અન્ન વગર રહી પૂજા કરે છે અને રાત્રે ચંદ્રની હાજરીમાં પતિ સામે ચાંદ જોઈ વ્રત છોડે છે.

### સરગી

સાસુ દ્વારા સૂર્યોદય પહેલા સવારે કડવાચોથનું વ્રત કરનાર ઘરની વહુને સરગી આપવામાં આવે છે જેમાં ખીરી, ફેનીયા, મીઠાઈ, નવા કપડા તથા સજવા માટેનો શણગાર અપાય છે જે મેળવ્યા બાદ સ્ત્રી તેને આરોગી તૈયાર થઈ સૂર્યોદય થયા બાદ ચાંદ ન આવે ત્યાં સુધી જળ તથા અન્નનો ત્યાગ કરે છે.

ગાંધીનગર, તા.૧૬

આજે ભાદરવી ચોથ. આજના દિવસે થતા કડવાચોથના વ્રત નિમિત્તે શહેરમાં પુજા અર્ચના થશે. પતિને જ સર્વસ્વ માનનાર પરિણીત મહિલા પતિની દીર્ઘાયુ માટે કડવાચોથનું વ્રત કરશે. ગુજરાતમાં જેમ વટસાવિત્રીનું વ્રત કરવામાં આવે છે તેમ ઉત્તરભારતમાં કડવાચોથનું વ્રત પરિણીત મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. શહેરમાં ગુજરાતી, પંજાબી, મારવાડી દરેક મહિલાઓ દ્વારા કડવાચોથની પૂજા દર વર્ષે કરાય છે. જેનું આયોજન શહેરના રહેવાસી ભૂમિબેન ભોજાણી દ્વારા સે-૨-એ પ્લોટ નં. ૭/૨ ખાતે કરવામાં આવે છે. આ વર્ષે પણ બપોરે ૪ વાગ્યે આ સ્થળે કડવાચોથની પૂજા કરવામાં આવશે.

ઉત્તર ભારતમાં પ્રસિધ્ધ એવું સુહાગન મહિલા દ્વારા પતિ માટે કરાતું કડવાચોથના વ્રતનું મહત્વ ગુજરાતી મહિલાઓમાં પણ વધ્યું છે. પતિના સ્વાસ્થ્ય તથા સલામતી સાથે દીર્ઘાયુ માટે કરવામાં આવતા આ આકરા વ્રતને પરિણીત મહિલા ખૂબ જ શ્રધ્ધાથી પૂર્ણ કરે છે. આ વ્રતની પૂજા શહેરના ભૂમિબેન ભોજાણી દ્વારા વર્ષ ૨૦૦૪થી કરાવવામાં આવે છે આ વર્ષે પણ આ પૂજા બપોરે ૪ કલાકે તેમના નિવાસસ્થાન સે-૨-એ પ્લોટ નં. ૭/૨ ખાતે યોજાશે. જેમાં અમદાવાદના બોડકદેવ, વસ્ત્રાપુર, બાપુનગર, સેટેલાઈટ સાથે શહેરના સેકટરો, સરગાસણ, કુડાસણ ખાતેથી સુહાગન બહેનો ભાગ લેશે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● વોર
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
● છીછોરે
૭.૪૦
● ડ્રીમગર્લ
૨.૧૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
● જોકર (અંગ્રેજી)
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
● જીમીની મેન
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● વોર
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
● જીમીની મેન
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી)
૧૨.૧૦, ૫.૨૦
● જોકર (અંગ્રેજી)
(હિન્દી સબટાઈટલ સાથે)
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
● બીજો દિવસ
૫.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● વોર
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● જીમીની મેન
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી)
(હિન્દી સબટાઈટલ સાથે)
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## એનઆઈસીએમ-એસજેપીઆઈના મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ બાલાજી વેફર્સની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલ નજીક આવેલ એનઆઈસીએમ-એસજેપીઆઈ એમબીએ કોલેજના વિદ્યાર્થીઓએ રાજકોટ સ્થિત જાણીતી કંપની બાલાજી વેફર્સની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન બાલાજી વેફર્સ કંપનીના ભાગીદાર કનુભાઈ વીરાણીએ કંપનીએ કેવી રીતે 'શૂન્ય'માંથી સર્જન કર્યું તે અંગે તલસ્પર્શી માહિતી આપી હતી જે ભાવિ મેનેજર્સ બનવા જઈ રહેલા વિદ્યાર્થીના કારકિર્દી ઘડતર માટે ખૂબ જ મહત્વની સાબિત થશે.

વિદ્યાર્થીઓની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ દરમિયાન કોલેજના સ્ટાફમાંથી ડૉ. ચિરાગ પટેલ અને હરપાલસિંહ ઝાલાએ વિદ્યાર્થીઓની સાથે રહી માર્ગદર્શન કરવા સાથે તેમની તમામ વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર ટૂરનું આયોજન સંસ્થાના ડિરેકટર ડૉ. બી.કે. નિર્મલની આગેવાનીમાં પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટના હેડ યશ ભટ્ટના નિર્દેશાનુસાર કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અવારનવાર આ પ્રકારની ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરવામાં આવે છે જે તેમને ભવિષ્યમાં પ્લેસમેન્ટ દરમિયાન પણ ઉપયોગી નિવડે છે.





વિશ્વ એનેસ્થેશિયા દિવસ અંતર્ગત સિવિલ હોસ્પિટલ ખાતે પબ્લિક ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. એનેસ્થેશિયા વિભાગ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અને સામાન્ય જનતાને એનેસ્થેશિયા અંગેની સમજણ આપવામાં આવી હતી એનેસ્થેશિયા વિભાગના વડા ડૉ. શોભના ગુપ્તા તથા ડૉ. ભારતી રાજાણી, ડૉ. હીના ગદાણી, ડૉ. ધારા પટેલ, ડૉ. રચના ગાંધી, ડૉ. શિતલ, ડૉ. વિરલ તથા અન્ય રેસીડન્ટ અને ઈન્ટર્ન ડોકટરોએ આ વિષય પર જાણકારી આપી હતી.

## ગાંધીનગર સાહિત્યસભાના સર્જકોએ રાજયપાલની શુભેચ્છા મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી અને અન્ય સભ્યોએ ગુજરાત રાજયના નામદાર રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લઈ ગુજરાતી સાહિત્યના પ્રચાર પ્રસારની ચર્ચા કરી હતી.

ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ દોલત ભટ્ટ, ભરત કવિ, વર્તમાન પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત સહિત પ્રજ્ઞાબહેન પટેલ, ભીખુ કવિ, હસમુખ મેકવાન, ડૉ. અનિલ ચૌહાણ અને સૌ. મીના હેડાઉએ પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. સૌ સર્જકોએ પુસ્તક આપીને પણ સન્માન કર્યું હતું.

નામદાર રાજયપાલશ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવતા તેઓ રાજી થયા હતા તેમણે શાંતિથી સૌ સાથે સાહિત્યની ચર્ચા કરી હતી અને સૌ સર્જકોને સાહિત્યની વધુ સેવા કરે એવી શુભકામનાઓ આપી હતી.



સેકટર-૭ શાકમાર્કેટમાં છેલ્લા ઘણા સમયથી સોલાર પેનલનો થાંભલો નીચે પડી ગયો છે. સોલાર પેનલની બેટરી તો છેલ્લા ઘણા સમયથી ચોરાઈ ગઈ છે. થાંભલો પણ ચોરી થવાની સંભાવના છે.

## લોહાણા યુવા સંગઠન દ્વારા ગાંધીનગરથી વીરપુર ૨૩મી પદયાત્રા યોજાશે

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૩મી પદયાત્રાનું ભવ્ય આયોજન આગામી તા. ૫ નવેમ્બરથી તા. ૧૪ નવેમ્બર સુધી કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા આયોજીત આ પદયાત્રામાં સામેલ થવા ઈચ્છુક પદયાત્રી ભકતોને પ્રવેશ ફોર્મ તથા અન્ય વિગતો માટે સંપર્ક સુત્ર ભરતભાઈ ઠકકર ૯૭૩૭૧૭૭૭૭૭, ગીરીશભાઈ ઠકકર ૯૮૯૮૫૯૫૫૦૭, વિનોદભાઈ ઉદેચા ૯૮૯૮૦૬૨૨૦૯, જીગ્નેશભાઈ ઠકકર ૯૮૨૫૪૭૦૦૪૪, ચિંતનભાઈ ઠકકર ૯૮૯૮૧૨૭૦૦૦નો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ ભરતભાઈ ઠકકર દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત સંસ્થાના આ ભગીરથ કાર્યમાં તન, મન અને ધનથી સેવા આપનાર દાતાઓ તથા સ્વયંસેવકોને પણ કાર્યક્રમમાં ભાગ લઈ સહભાગી બનવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગર-ચિલોડા માર્ગ પર રીક્ષા પલ્ટી ખાતા મુસાફરને ઈજા

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર બીએસએફ કેમ્પ પાસે અચાનક રીક્ષાના ડ્રાઈવરે કાબુ ગુમાવતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી.ત્યારબાદ રીક્ષામાં સવાર મુસાફરોને ઈજા પહોંચી હતી. રીક્ષા પલ્ટી ખાતા આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી સારવાર માટે ખસેડાયા હતા. જયારે બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે લાલ ગ્રીન પાર્ટી પ્લોટ ખાતે રહેતા અને મંડપ ડેકોરેશનની કામગીરી કરતા કૃપારામ જોગારામ રાણા (ઉં.વ.૪૫ મુળ રહે. બેલાગરી, મકાનનં.૭૩૪ ઘાંચીવાસ બસસ્ટેન્ડ શિહોરી રાજસ્થાન,) ગતરોજ સવારના સવાનવ વાગ્યાના અરસામાં રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.૯૭૩૦ માં બેસીને ચિલોડાથી ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. તે સમયે કૃપારામની સાથે શાંતિલાલ જેશાજી પરાળીયા તેમજ નાના મોપાજી ભાટી પણ રીક્ષામાં હાજર હતા.ત્યારે લેકાવાડા ગામની પાસે જ અચાનક રીક્ષા ડ્રાઈવરે કાબુ ગુમાવતા રીક્ષા પલ્ટી ખાઈ ગઈ હતી. જેથી નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. જયારે કૃપારામને પગમાં ફ્રેકચર હોવાનુ સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચિરવિદાય

● સ્વ. પરમાર પ્રવિણ મનુભાઈ, ઉ.વ. ૩૨

## આગામી માસમાં સચિવાલય જીમખાનામાં સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સચિવાલય જીમખાના સેકટર-૨૧ ગાંધીનગરના સભ્યો માટે આગામી માસ દરમિયાન વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાનાર છે. સ્પર્ધાઓમાં જીમખાનાના સભ્યોએ ફેમીલી મેમ્બરશીપ લીધેલ હોય તેમના કુટુંબના સભ્યો તરીકે જાહેર કરેલ હોય તેવા સભ્યો પે એન્ડ પે તથા કોચીંગમાં આવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે તેમ મેનેજરશ્રી સચિવાલય જીમખાનાએ જણાવેલ છે.

## જય અંબે પરિવારના ભવ્ય ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવનું આયોજન

### મહોત્સવમાં ૧૧ કુંડીય શિવશકિત મહાયાગ સાથે વિવિધ ધાર્મિક-સાંસ્કૃતિક-સામાજિક કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સેકટર-૧૩-બી શકિત ચોક ખાતેના સુપ્રસિધ્ધ જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા સંસ્થાની સફરને ૩૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે તા. ૩જી નવેમ્બર રવિવાર કારતક સુદ સાતમથી તા. ૧૦મી નવેમ્બર રવિવાર કારતક સુદ તેરશ દરમિયાન 'ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત શિવશકિત મહાયાગ સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત મહા રકતદાન શિબિર જેવા સેવા કાર્યો અને લોકડાયરો, રાસ ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

જય અંબે પરિવારના ત્રિદશાબ્દી ભકિતવંદના મહોત્સવનો પ્રારંભ તા. ૩જી નવેમ્બરે સવારે ૯ કલાકે સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીથી જયોતના રથમાં સ્થાપન-પ્રસ્થાન સાથે થશે જેને માત્ર ૨૪ કલાકમાં ગાંધીનગર પહોંચાડવાનું ભગીરથ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪થી નવેમ્બરે બપોરે ૨.૩૦ કલાકે આ જયોત રથનું સેકટર-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે ભવ્ય સ્વાગત કરાયા બાદ શોભાયાત્રા સાથે સાંજ ૫ કલાકે સે-૧૩-બીમાં શકિત ચોક ખાતે સ્વાગત-ગરબા સ્થાપન કરાશે. તા. ૫મી નવેમ્બર મંગળવારે સવારે ૭.૩૦ કલાકે શકિતચોકથી વિરાટ જલકળશ યાત્રા નીકળશે. બપોરે ૨.૩૦ કલાકે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો તથા રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિન પાઠકના વ્યાસાસને સંગીતમય સુંદરકાંડ યોજાશે. તા. ૬ઠ્ઠી નવેમ્બરે સવારે ૯ કલાકે ૧૧ કુંડીય શિવશકિત મહાયાગનો પ્રારંભ થશે જેની સાથે શ્રધ્ધાળુ મહિલાઓ દ્વારા છપ્પનભોગ અન્નકૂટ બનાવવાનો પ્રારંભ કરાશે. આ સાથે ચંડીપાઠ આવર્તન, ગ્રહહોમ, મંત્ર જાપ, મંત્ર લેખન, મહારૂદ્ર સ્વાહાકાર, સાંયપૂજન, સાંય આરતી જેવા ધાર્મિક પ્રસંગો અને રાત્રે ૮ કલાકે જાણીતા લોકસાહિત્યકાર સાંઈરામ દવેનો ડાયરો યોજાશે. તા. ૭મી નવેમ્બરે મહાયાગ સાથે છપ્પન ભોગ અન્નકૂટ અર્પણવિધિ સહિતના કાર્યક્રમો યોજાશે જે પ્રસંગે ચુંદડીવાળા માતાજીની પધરામણી થશે. રાત્રે ૮ કલાકે જય અંબે પરિવારના હોદ્દેદારો તથા વિવિધ સમિતિઓની બેઠક યોજાશે. તા. ૮મી નવેમ્બરે તુલસી વિવાહ યોજાશે જેમાં મંડપમૂહૂર્તથી માંડીને ગ્રહ શાંતિ, મામેરું, શાલિગ્રામનો વરઘોડો, જાનનું સામૈયું, વિવાહ-વિદાય વગેરે પ્રસંગો ઉજવાશે. તા. ૯મી નવેમ્બરે સવારે ૯.૩૦ કલાક શકિતચોક ખાતે મહારકતદાન શિબિર તેમજ રોગ નિદાન કેમ્પ યોજાશે. આ સાથે મહારૂદ્ર, ચંડીપાઠ દશાંશ હોમ સાથે રાત્રે ૮ કલાકે જાણીતી ગાયિકા અભિતા પટેલના રાસ ગરબા યોજાશે. તા. ૧૦મી નવેમ્બરે મહાયાગની ઉત્તર પૂજા સાથે સાંજે ૪.૩૦ કલાકે શ્રીફળ હોમાયા બાદ મહાઆરતી ભોજન પ્રસાદ યોજાશે. મહોત્સવમાં દરરોજ સાંજે ૫.૪૫ કલાકે સાંય આરતી યોજાશે. આ ત્રિદશાબ્દી મહોત્સવમાં ભાગ લેવા શહેરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમત્રણ જય અંબે પરિવાર દ્વારા પાઠવવામાં આવ્યું છે.

## ચ-૦ થી સે-૨ સર્વિસ માર્ગે એકટીવા-સરકારી ગાડી વચ્ચે ટક્કર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના ચ-૦ થી સેકટર-૨ માં જવા માટેના સર્વિસ માર્ગ પર મંગળવારના રોજ સવારના સુમારે એકટીવા અને સરકારી ગાડી વચ્ચે ટક્કર સર્જાઈ હતી. જેમાં સરકારી ગાડીના ડ્રાઈવરે અમારી સરકારી ગાડી છે મને કંઈ થશે નહી, સાહેબને જલ્દી જવું છે તેમ કહીને ગાડી લઈને જતો રહ્યો હતો.બનાવ અંગે એકટીવા ચાલકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૨ એ પ્લોટ નં ૨૦-૨ ખાતે રહેતા યશપાલસિંહ ભમરસિંહ પુવાર ઉં.વ.૩૯ પોતાના પરિવાર સાથે રહે છે અને શેર લે-વેચનો વેપાર કરે છે. તેઓ ઘરેથી સેકટર-૨૧ ખાતે શાકભાજીની ખરીદી કરવા ગયા હતા. ત્યારબાદ જ માર્ગ પર થઈને ચ-૦ નર્સરી ખાતે આવ્યા હતા અને ઘરે જવા માટે સર્વિસ માર્ગનો ઉપયોગ કર્યો હતો. ત્યારે સવારનો સમય હોવાથી સામેથી આવી રહેલી જી.જે.૧૮.જી.-૫૧૦૭ ના ચાલકે એકટીવા નં.જી.જે.૧૮.સી.કે.૩૯૩૪ ને ટક્કર મારી હતી. કારની ટક્કરથી એકટીવાને ભારે નુકશાન થયું છે. જયારે માનવતા દાખવવાની જગ્યાએ ડ્રાઈવરે અમારી સરકારી ગાડી છે.. મને કંઈ થશે નહી.. સાહેબને જલ્દી જવુ છે.. કહીને ગાડી લઈને જતો રહ્યો હતો. બીજીતરફ અંદર બેઠેલ અધિકારીએ પણ કાર જવા દે કહ્યું હતું. ત્યાર બનાવ અંગે યશપાલસિંહે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શરદોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શરદપૂર્ણિમાના દિવસે શરદોત્સવની ઉજવણી કરાઈ હતી. જેમાં વૈષ્ણવ બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી. દુધ-પૌંવાનો વૈષ્ણવોએ પ્રસાદ માણ્યો હતો તેમ માનદમંત્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે.

## મનપાના વોર્ડ નં. ૭માં તુટેલી ગટરો રીપેર નહીં કરાય તો આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૭ના સેકટર-૩-સી, સે-૩-ડી, સે-૫-બી વગેરે ખાતે ગટરોની દિવાલો તુટી જવાથી બાજુમાં ખાડા પડેલા છે જેમાં ગટરનું પાણી ભરાઈ જવાથી વારંવાર ગટર ઉભરાવાની અને પ્રદૂષિત પાણીના ફેલાવાની સમસ્યા પણ સર્જાય છે. જેને સત્વરે રીપેર કરવા અંગે અગાઉ પણ રહીશો દ્વારા રજુઆત કરવામાં આવી ચુકી છે છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી તેવી ફરિયાદ સાથે સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા દ્વારા પાટનગર યોજના વિભાગના સંલગ્ન પેટા વિભાગ નં. ૯ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં સત્વરે તંત્ર દ્વારા રીપેરીંગની કાર્યવાહી હાથ નહીં ધરાય તો કોર્પોરેટર દ્વારા સ્થાનિક વસાહતીઓને સાથે રાખીનો પાટનગર યોજના ભવન ખાતે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.